સુવિચાર : જીવનને નજીકથી જોઉં છું તો પીડા લાગે છે... અને દૂરથી જોઉં છું તો કોમેડી લાગે છે - ચાર્લી ચેપ્લીન

**તાપમાન**
મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૧૧.૪ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૩૮ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૯૩ | ૩ જાન્યુઆરી, ૨૦૧૬, રવિવાર ; માગશર વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- પઠાણકોટમાં હુમલા બાદ ગુજરાત સહિત ભારતમાં હાઈએલર્ટ જાહેર
- ત્રાસવાદીએ પાકમાં ચાર ફોન કર્યા હતા : અહેવાલ
- ત્રણેય સેનાના વડાઓ સાથે મોદી સરકારની બેઠક થઇ
- પઠાણકોટમાં હુમલાને પાકે પણ કડક શબ્દમાં વખોડ્યો
- ઉત્તર ભારતમાં ૫.૮ની તીવ્રતાનો ફરીથી આંચકો
- ભાજપ યુપીમાં એકલા હાથે ચૂંટણી લડશે : નકવીનો દાવો
- ટ્રેનોને નવા રંગરૂપ સાથે ટૂંક સમયમાં જ રજૂ કરાઈ શકે
- વિન્ડીઝ અને ઓસ્ટ્રેલિયા વચ્ચે આજથી સિડની ખાતે ટેસ્ટ મેચ
- પેટ્રોલ-ડીઝલ પર એક્સાઇઝ ડ્યુટીમાં ફરીથી વધારો થયો

# પઠાણકોટમાં ત્રાસવાદી હુમલો



### વહેલી પરોઢે ત્રણ વાગ્યાની આસપાસ ત્રાસવાદીઓનો હુમલો : કલાકો સુધી દિલધડક ઓપરેશન બાદ પાંચેય આતંકવાદીને મોતને ઘાટ ઉતારાયા : એકે-૪૭ સહિતનો મોતનો મસાલો કબજે કરવામાં આવ્યો : દેશમાં ભારે ખળભળાટ

પઠાણકોટ,તા. ૨

પંજાબના પઠાનકોટમાં એરફોર્સ બેઝને ટાર્ગેટ બનાવીને આજે વહેલી પરોઢે ત્રણ વાગે ત્રાસવાદીઓએ ભીષણ હુમલો કરી દીધો હતો. સુરક્ષા દળો અને ત્રાસવાદીઓ વચ્ચે ત્યારબાદ જોરદાર સામસામે ગોળીબારની રમઝટ શરૂ થઈ હતી. કલાકો સુધી દિલધડક ઓપરેશન ચાલ્યા બાદ પાંચ ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા. જો કે આ હુમલામાં ત્રણ જવાન શહીદ થયા હતા. ત્રાસવાદીઓ સેનાના યુનિફોર્મમાં આવ્યા હતા. માર્યા ગયેલા ત્રાસવાદીઓ પાસેથી હથિયારનો જંગી જથ્થો કબજે કરવામાં આવ્યો હતો. આ હુમલા પાછળ હાલમાં ઓછા સક્રિય રહેલા ત્રાસવાદી સંગઠન જેશે મોહમ્મદનો હાથ હોવાના અહેવાલ મળ્યા છે. બીજી બાજુ હુમલા બાદ દિલ્હીમાં બેઠકોનો દોર શરૂ થયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે ૨૭મી જુલાઈ ૨૦૧૫ના દિવસે પંજાબના ગુરદાસપુરમાં ભીષણ આતંકવાદી હુમલો કરવામાં આવ્યો હતો. સુત્રોએ કહ્યુ છે કે હવે અથડામણનો અંત આવી ગયો છે. ફરી ઓપરેશ જારી રાખવામાં આવ્યુ છે. એસએસપી આરકે બક્સીએ વધુ

● અનુસંધાન પાન-૭ પર

# સેક્ટર-૨૭માં મોડીસાંજે ૧૮ લાખની લુંટ

**સે.-૨૪ આંગડીયા પેઢીમાંથી રૂપિયા બેગમાં ભરીને કર્મચારી ટુ વ્હીલર લઈ સે. ૨૯માં પાર્ટનરના ઘરે બેગ પહોંચાડવા જતો હતો : પાછળથી પલ્સર પર ડબલ સવારી આવેલા લુંટારૂઓ બેગ આંચકી ગયા : શહેરને ફરતે નાકાબંધી**

ગાંધીનગર, તા. ૨

શહેરના સેકટર-૨૭ મહારાણા પ્રતાપ સ્કૂલની બાજુમાંથી પસાર થઈ રહેલા આંગડીયા પેઢીના કર્મચારીને સમી સાંજે પલ્સર બાઈક પર આવેલા બે શખ્સો લુંટીને પળવારમાં રફુચક્કર થઈ જતા ચકચાર મચી જવા પામી છે. રૂ. ૧૮ લાખ કેશ ભરેલી બેગ આંચકીને બંને લુંટારૂઓ ખ-રોડ પર થઈ ગાયબ થઈ ગયા હતા. બેગ આંચકી લેવાતા સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવી દેનાર કર્મચારી પ્લેઝર સાથે રસ્તા પર પટકાતા બંને શખ્સો બાઈક લઈને ક્યાં ગયા તે પણ ખ્યાલ ન હોવાનો દાવો કર્મચારી કરી રહ્યો છે. ઘટનાને પગલે શહેરને ફરતે નાકાબંધી કરી સઘન વાહનચેકીંગ શરૂ કરી દેવામાં આવ્યુ હતુ પરંતુ લુંટારૂઓ હાથ આવ્યા ન હતા.

મળતી માહિતી મુજબ સેક્ટર-૨૭માં સ્થિત સાંઈ મંદિરની સામેના વિસ્તાર સે. ૨૪માં પટેલ

● અનુસંધાન પાન-૭ પર





# પાટીદાર આંદોલનના કેસો પાછા ખેંચાયા

### મુખ્યમંત્રી આનંદીબેન પટેલના નેતૃત્વમાં મળેલી બેઠકમાં પ્રથમ તબક્કામાં ૩૮૨ લોકોની વિરુદ્ધ કેસો પરત ખેંચવાનો નિર્ણય લેવાતા મોટી રાહત થઇ

અમદાવાદ, તા. ૨

તાજેતરના આંદોલનમાં નોંધાયેલા ગુનાઓ પૈકી ૭૪ ગુનાના ૩૮૨ લોકો સામે કેસ પરત ખેંચવાનો આનંદીબેન પટેલ સરકારે મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. પ્રથમ તબક્કાના ભાગરુપે ૩૮૨ સામે કેસ પરત ખેંચવામાં આવનાર છે. મુખ્યમંત્રી આનંદીબેન પટેલના અધ્યસ્થાને અને આરોગ્ય મંત્રી નિતિનભાઈ પટેલ તથા રાજ્યસભાના સાંસદ

● અનુસંધાન પાન-૭ પર

### હાર્દિક સહિત ૧૪ને હાલ રાહત નહીં મળે

અમદાવાદ, તા. ૨

ગુજરાતમાં પાટીદાર આંદોલનને તીવ્રરીતે આગળ વધારીને ભારે લોકપ્રિયતા મેળવનાર હાર્દિક પટેલ અને અન્યોને હાલ પુરતી કોઈ રાહત નહીં મળે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. હાર્દિક સહિતના ૧૪ને કોઈ રાહત નહીં મળવા માટે કેટલાક કારણો દેખાઈ રહ્યા છે જે પૈકી ગંભીર મામલા તેમની સામે રહેલા છે. હાર્દિક દેશદ્રોહ જેવા ગંભીર મામલાઓમાં કોર્ટની કાર્યવાહીનો સામનો કરી રહ્યો છે.તેની સામે થનારી સુનાવણીમાં ગંભીર વાંધા નહીં ઉઠાવવાનો સંકેત સરકાર આપી રહી છે.

જય શ્રી રાધે
Since. 1971...
ગરમાગરમ નાસ્તા માટેનું નવું સરનામું
સીંગતેલમાં બનાવેલ અમારા પ્રખ્યાત મેથીના ગોટા
ગાંધીનગરના પ્રખ્યાત
we know your taste ! pooja TM
નાયલોન ખમણ
પાત્રા
સમોસા
કચોરી
ખાંડવી
નવતાડ સમોસા
ચાઈનીઝ સમોસા
દાબેલી
વડાપાઉં
ભેળ તો પેથાપુરની જ...
LIVE ઢોકળા
સીંગતેલમાં બનાવેલ ચટાકેદાર ઊંધીયું
દર રવિવારે મળશે.
તલના તેલમાં બનાવેલા ગરમા ગરમ તુવેર ટોઠા
દરરોજ સાંજે ૫-૦૦ વાગ્યાથી મળશે.
સુખડીયા સ્નેક્સ
વસંતલાલ કાંતીલાલ સુખડીયા
મહાલક્ષ્મી - ૧ શોપીંગ સેન્ટર, પેથાપુર ચોકડી, પેથાપુર, ગાંધીનગર.
મો. ૯૮૭૯૪ ૨૪૪૨૩, ૯૪૨૯૫ ૨૪૮૧૨, ૯૫૩૭૬૯૬૮૦૬

100% FREE
English Grammar
(Std. 8 to 12)
આપને 100% ફ્રી ભણાવવામાં આવશે.
968 700 1010



હવે મેળવો
10.01 % દ.વ.*
વાર્ષિકીકૃત ઉપજ 60 મહિના મુદતની
ડીસીબી ફિક્સ્ડ ડિપૉઝિટ પર
આપની જમા રાશિને 8 વર્ષ 9 માસમાં બમણી કરો!!#
ડીસીબી બૅન્ક
સેક્ટર 16, ઘ રોડ, ગાંધીનગર
કૉલ કરેઃ 9825542026 / 9825974100 / 65730141
*કર-પહેલાની વાર્ષિકીકૃત ઉપજ દ.વ. 8.20% દરે 60 મહિના ટર્મ ડિપોઝિટ માટે ત્રિમાસિક ચક્રવૃદ્ધિ ફ્રીક્વન્સીના અનુમાન આધારે જ્યારે વ્યાજ અને મુદ્દલ મુખ્ય પરિપક્વતા પર ચૂકવવામાં આવે છે. #8.00%નાં વાર્ષિક વ્યાજ દરે અને સંચિત વિકલ્પ પર પૂર્વ ટીડીએસ.
નિયમો અને શરતો લાગુ. આ વ્યાજ દરો 9 નવેમ્બર, 2015 થી લાગુ રહે છે અને કોઈપણ પૂર્વ સૂચના વિના ફેરફારને આધીન છે.
DCB Bank Limited
DCB BANK

For Sale / Rent



Best for
Tution Class/
Office etc.
5200 Sqft. Area.
Opp. Rang Manch,
Sector-22, Gandhinagar
M. 9879000942

હોટલ પથિકાશ્રમ
પાર્ટી પ્લોટ
લગ્ન પ્રસંગ તથા શુભ પ્રસંગોની ઉજવણી માટેનું ઉત્તમ સ્થળ
• ગુજરાતી થાળી • મલ્ટી ક્યુઝન રેસ્ટોરન્ટ
• કાફે (24x7) • બેન્કવેટ્સ • રૂમ્સ (A.C/Non A.C)
98258 01780/82